આંક– ૨૯

**શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ સમક્ષ.**

**એપ્રુવલ અરજી નં. ૮૯/૨૦૧૭**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૧/૨૦૧૪**

**અરજદાર :** આર.એમ.પી. બેરીંગ્સ પ્રા.લી.,
મુ.પો.તા.રાણપુર, જી.બોટાદ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા :** કુકાભાઈ રૂપાભાઈ જોગરાણાના વારસદાર
મીણાબેન કુકાભાઈ જોગરાણા(પત્ની)
ભરવાડ વાસ, નદી કાંઠે,
મુ.પો.રાણપુર, જી.બોટાદ.
સી/ઓ.ગુજરાત મજદુર સભા,
મહારાણા પ્રતાપ બીલ્ડીંગ,
અમદાવાદ.

**હાજર રહયા:–**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એ.એસ. પરીખ .

સામાવાળા તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી એ.એન. પટેલ.

**બાબત:–**ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.

<u>**-: ચુકા દો :-**</u>

**૧.** અરજદારે હાલની અરજી દાખલ કરી ઔધોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ની કલમ-૩૩ (૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને તા.૦૧/૦૭/૨૦૧૭ ના રોજથી નોકરીમાંથી બરતરફ (ડીસમીસ) કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

**૨.** સદર કામના અરજદારે આંક-૨૮ થી પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે અરજદાર સંસ્થાને સામાવાળા કામદારના વિધવા પત્ની જોગરાણા મીણાબેન કુકાભાઈ સાથે નામદાર અદાલતની બહાર સુખદ સમાધાન થઈ ગયેલ હોઈ, અરજદાર સંસ્થા આ એપ્રુવલ અરજી આગળ ચલાવવામાં માંગતા ન હોઈ, સદર અરજી પાછી ખેંચવાની પરવાનગી આપવા અરજ કરેલ છે. જેથી સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરેલ છે.

<u>**-: હુકમ :-**</u>

(૧) અરજદાર આંક-૨૮ ની પુરસીસ અન્વયે સદર અરજી વિડ્રો કરતા હોઈ, સદર એપ્રુવલ અરજી નં. ૮૯/૨૦૧૭ પાછી ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે મુજબ સદર કામ કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૧-૦૪-૨૦૨૬

**(રઝિયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાય પંચ, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

એસ.જી.રામાણી